સામાજીક શૈક્ષણિક રીતે પછાત વર્ગોના
ઉમેદવારોને કોર્મશીયલપાયલોટ લાઈસન્સ/ટ્રેઈની
પાયલોટની તાલીમ માટે નાંણાકીય લોન આપવા
બાબત.

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક:સશપ–૧૪૦૭–ન.બા.પ–અ
સચિવાલય, ગાંધીનગર
તારીખ:–

વંચાણે લીધા:–

૧. સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના
ઠરાવ ક્રમાંક:સશપ–૧૧૯૭–નબા–પ–અ
તા.૨૦–૩–૯૯

૨. સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના
ઠરાવ ક્રમાંક:સશપ–૧૧૯૭–નબા–પ–અ
તા.૬–૭–૨૦૦૧

૩. સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના
ઠરાવ ક્રમાંક:સશપ–૧૪૦૬–નબા–૧૯–અ
તા.૨૬–૩–૦૭,તથા તા.૧૦–૭–૦૭

૪. સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના
ઠરાવ ક્રમાંક:સશપ–૧૪૦૭–નબા–પ–અ
તા.૨૯–૩–૦૮

ઠરાવ:–

આમુખમાં દર્શાવેલ ઠરાવોથી સામાજીક શૈક્ષણિક પછાત વર્ગના વિદ્યાર્થીઓને કોમર્શિયલ પાયલોટ લાયસન્સ તાલીમ માટે વાર્ષિક ૪ ટકાના દરે લોન આપવાની યોજના અમલમાં છે. આ લોનની રકમ માં વખતો વખત વધારો થતાં વસુલાત માટે મુદ્દલ અને વ્યાજ વસુલાતના હપ્તા નકકી કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

૨. પુખ્ત વિચારણાને અંતે સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોને કોમર્શિયલ પાયલોટ લાઈસન્સ/ટ્રેઈની પાયલોટની તાલીમ માટે આપવામાં આવતી નાણાકીય લોન માટે વંચાણે લીધેલ ક્રમાંક: ૧ ઉપરના તા.૨૦/૩/૯૯ ના ઠરાવની શરત નં.(૧૨) નકકી થયેલ છે તે સુધારીને નીચે મુજબ રાખવામાં આવે છે.

⟹

"(૧૨) લાભાર્થીને લોનની ચૂકવણી થયાની તારીખથી એક વર્ષ પછી લોનની વસુલાત શરૂ કરવામાં આવશે. લાભાર્થીએ લોનની પરત ચૂકવણી ૧૦ વર્ષમાં મુદ્દલ અને ૨ વર્ષ માં વ્યાજ એમ મળી ૧૨ વર્ષમાં સંપૂર્ણ રકમ વ્યાજ સહિત ભરપાઈ કરવાની રહેશે. તે અનુસાર માસિક હપ્તાની રકમની ગણત્રી કરી વસુલાતની કાર્યવાહી કરવાની રહેશે"

૩. રૂ. ૧૫.૦૦ લાખ ની લોન જેમને આ અગાઉ મંજુર કરાયેલ છે તે તમામ કિસ્સામાં પણ ઉપર નકકી થયા પ્રમાણે વસુલાત કરવાની રહેશે.

૪. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાંણા વિભાગની તા.૨૪/૬/૦૯ ની નોંધથી મળેલ સંમતી અન્વયે બહાર પાડવામાં આવે છે,

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે

(મનોજ રાવલ)
સંયુકત સચિવ
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,

પ્રતિ,
- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ડૉ.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર
- સર્વે જીલ્લા નાયબ નિયામકશ્રી,(વિ.જા.ક)
- સર્વે જીલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી (વિ.જા.ક)

નકલ રવાના:-
- મા.મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવ, સચિવાલય, ગાંધીનગર
- મા.મંત્રીશ્રી, (સા.ન્યા)ના અંગત સચિવ, સચિવાલય, ગાંધીનગર
- મા.રા.ક.મંત્રીશ્રી, (સા.શૈ.પ.વ.) ના અંગત સચિવ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, સા.ન્યાય અને અ. વિભાગના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત રાજય, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર
- તિજોરી અધિકારી, ગાંધીનગર
- રેસીડેન્ટ ઓડિટ ઓફિસર ગાંધીનગર
- નાંણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણા શાખા, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- આદિજાતિ વિકાસવિભાગ,સચિવાલય, ગાંધીનગર
- વિભાગની સર્વે શાખાઓ.
- સિલેકટ ફાઈલ.

ગ-૦૮-૮૭૩